# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા

## બાળ સત્સંગ પરીક્ષા કાર્યાલય

## સત્સંગ વિહાર - ૧ : પ્રેક્ટિસ પેપર - ૬

## જવાબપત્ર - ૬

સમય : ૨ કલાક
કુલ ગુણ : ૧૦૦

**પ્ર.૧ સાચો વિકલ્પ પસંદ કરી ચોરસ ખાનામાં જવાબ નંબર લખો.** **[૪૦]**

૧. આરતી ઉતારી જ્યોત પર કેટલીવાર પ્રદક્ષિણાની જેમ જળ ફેરવવાનું હોય ?
(૧) ૨ **(૨) ૩** (૩) ૪ — ૧. **૨**

૨. શિક્ષાપત્રી ક્યારે પૂર્ણ થઈ ?
(૧) એપ્રિલ ૧૮૨૬માં (૨) માર્ચ ૧૮૨૯માં **(૩) ફેબ્રુઆરી ૧૮૨૬માં** — ૨. **૩**

૩. રામપ્રતાપભાઈ એકસાથે કેટલી જગ્યાએ ઘનશ્યામને જોયા ?
**(૧) ૩** (૨) ૬ (૩) ૨ — ૩. **૧**

૪. આરતીની રચના ક્યાં થઈ ?
(૧) જેતપુરમાં (૨) પિપલાણામાં **(૩) કાલવાણીમાં** — ૪. **૩**

૫. મૂળજી ગામમાં ફરવા નીકળ્યા ત્યારે વૃધ્ધોને શું કરતા જોયાં ?
**(૧) ગામના વૃદ્ધો ગામ ગપાટા કરતા હતો, કોઈપણ ભગવાનનું નામ લેતું ન હતું.** — ૫. **૧**
(૨) સર્વે વૃધ્ધો ભગવાનનું નામ સ્મરણ કરતા હતા.
(૩) સર્વે વૃધ્ધો પોતાના પૌત્રોને ભગવાનની વાતો કરતા હતા.

૬. સત્પુરુષ શું છે ?
(૧) સદ્‌ગુરુ (૨) સંત **(૩) મોક્ષનું દ્વાર** — ૬. **૩**

૭. સહજાનંદ સ્વામીને ગાદી કોણે સોંપી ?
(૧) મુક્તાનંદ સ્વામીએ (૨) બ્રહ્માનંદ સ્વામીએ **(૩) રામાનંદ સ્વામીએ** — ૭. **૩**

૮. શિખરબદ્ધ મંદિરમાં રોજ કેટલી આરતી થાય ?
**(૧) ૫** (૨) ૩ (૩) ૨ — ૮. **૧**

૯. ઘનશ્યામના માતાનું નામ શું હતું ?
**(૧) ભક્તિદેવી** (૨) શારદાદેવી (૩) સુવાસીની — ૯. **૧**

૧૦. ભગવતસિંહ માટે માનવજીવનનો હેતુ શું હતો ?
(૧) પૈસા કમાવવા **(૨) મોક્ષ મેળવવો** (૩) કુંટુંબને રાજી રાખવું — ૧૦. **૨**

૧૧. યોગીજી મહારાજનું દીક્ષાનું નામ શું હતું ?
**(૧) સાધુ જ્ઞાનજીવનદાસ** (૨) સાધુ યજ્ઞપુરુષદાસ (૩) સાધુ નારાયણસ્વરૂપદાસ — ૧૧. **૧**

૧૨. પૂજામાં કેટલા દંડવત્ કરવા જોઈએ ?
(૧) ૪ (૨) ૫ **(૩) ૬** — ૧૨. **૩**

૧૩. મહારાજની કૃપાથી ગોપાળાનંદ સ્વામી શું કરવા સમર્થ હતા ?
(૧) મંદિર બાંધવા (૨) ભજવા ગાવા **(૩) ધારે તે કરવા** — ૧૩. **૩**

૧૪. શ્રીજીમહારાજ ગોકળદાસનાં ગામમાં ગયા ત્યારે કોને ન ગમ્યું ?

(૧) લાડુબાને **(૨) ગોકળદાસના માતાને** (૩) ગલુજીના માતાને **૧૪.** **૨**

૧૫. શ્રવણના જીવન પરથી આપણને શું શીખવા મળે છે ?

(૧) સારા કાર્યકર બનવાનું **(૨) માતા-પિતાની સેવા કરવાનું** **૧૫.** **૨**

(૩) તીર્થયાત્રા કરવાની

૧૬. ઘનશ્યામ ભગતે ભગતજી મહારાજનું જીવનચરિત્ર કેટલા સમયમાં વાંચ્યું હતું ?

(૧) એક દિવસમાં (૨) એકરાતમાં **(૩) એક દિવસ અને રાતમાં** **૧૬.** **૩**

૧૭. ઘનશ્યામનું ખાસ માનીતું મંદિર કહું હતું ?

**(૧) રામજી મંદિર** (૨) શિવ મંદિર (૩) બોચાસણ મંદિર **૧૭.** **૧**

૧૮. શ્રીજી મહારાજની દ્રષ્ટિથી લાલદાસને શું અનુભવ થયો ?

(૧) શાંતિનો (૨) ખુશીનો **(૩) સમાધિનો** **૧૮.** **૩**

૧૯. શ્રીજી મહારાજે લાડુદાનજીના બધા સંકલ્પો પૂરા કર્યા ત્યારે તેમણે કઈ કવિતા ગાઈ ?

**(૧) આજની ઘડી રે ધન્ય...** (૨) તારો ચટક રંગીલો... **૧૯.** **૧**

(૩) રાજ મારે દિનદિન દિવાળી રે...

૨૦. શિક્ષાપત્રીમાં કેટલા શ્લોક છે ?

(૧) ૨૧૦ (૨) ૧૧૬ **(૩) ૨૧૨** **૨૦.** **૩**

૨૧. પૂજા કરતા કેટલો સમય લાગે ?

(૧) ૫-૧૦ મિનિટ (૨) ૧૦-૧૫ મિનિટ **(૩)** ૨૦-૨૫ મિનિટ **૨૧.** **૩**

૨૨. સ્વામીબાપાનું બાળપણનું નામ શું હતું ?

(૧) યોગીજી મહારાજ **(૨) શાંતિલાલ** (૩) ડુંગર ભગત **૨૨.** **૨**

૨૩. રાજુબાએ વરતાલ મંદિર માટે શું સેવામાં આપ્યું ?

**(૧) પૈસા** (૨) રસોઈ બનાવી (૩) મહારાજને વાઘા આપ્યા **૨૩.** **૧**

૨૪. શ્રીજી મહારાજના સપનાની કઈ વસ્તુ અતિ અગત્યની છે જે આખી પૃથ્વી પર પ્રવર્તી છે ?

(૧) મંદિરો **(૨) એકાંતિક ધર્મ** (૩) સંતો **૨૪.** **૨**

૨૫. શ્રીજી મહારાજે દેહનો ત્યાગ ક્યાં કર્યો ?

(૧) જૂનાગઢમાં (૨) સારંગપુરમાં **(૩) ગઢડામાં** **૨૫.** **૩**

૨૬. એકાદશી ક્યારે આવે ?

(૧) દર ૬૦ દિવસે **(૨) દર ૧૫ દિવસે** (૩) અઠવાડિયામાં એકવાર **૨૬.** **૨**

૨૭. સ્વામીબાપાએ લંડનમાં શું પ્રશ્ન પૂછ્યો ?

(૧) થાળ એટલે શું ? **(૨) આરતી એટલે શું ?** (૩) પૂજા એટલે શું ? **૨૭.** **૨**

૨૮. સૌથી પ્રાચીન ધર્મગ્રંથો કયા છે ?

(૧) ભગવદ્ ગીતા **(૨) વેદો** (૩) શિક્ષાપત્રી **૨૮.** **૨**

૨૯. નીલકંઠવર્ણીએ કેટલા વર્ષની ઉંમરે દીક્ષા ગ્રહણ કરી ?

(૧) ૧૧ (૨) ૨૦ **(૩) ૧૯** **૨૯.** **૩**

૩૦. ગુણાતીતાનંદ સ્વામીના માતા-પિતાનું નામ શું હતું ?

**(૧) સાકરબા-ભોળાનાથ** (૨) ભક્તિમાતા-ધર્મદેવ (૩) સીતા-રામ **૩૦.** **૧**

**૩૧.** શ્રીજી મહારજેને રહેવાનું ધામ કોણ છે ?

(૧) મુક્તાનંદ સ્વામી (૨) રામાનંદ સ્વામી **(૩) ગુણાતીતાનંદ સ્વામી** ૩૧. | ૩ |

**૩૨.** કીર્તને દંડવત્ કર્યા ત્યારે સ્વામીબાપાએ તેને શું આપ્યું ?

(૧) પેંડો (૨) ફળ **(૩) ચોકલેટ** ૩૨. | ૩ |

**૩૩.** ગુરુપરંપરામાં ભગતજી મહારાજ પછી કોણ આવે ?

(૧) શ્રી સ્વામિનારાયણ ભગવાન (૨) ગુણાતીતાનંદ સ્વામી ૩૩. | ૩ |

**(૩) શાસ્ત્રીજી મહારાજ**

**૩૪.** યમરાજે માછીમારને શું બતાવ્યું ?

**(૧) યમપૂરીના દુ:ખ** (૨) અક્ષરધામ (૩) અમેરિકા ૩૪. | ૧ |

**૩૫.** ''બંધ કીધાં બીજાં બારણાં રે, વહેતી કીધી અક્ષરવાટ; પુરુષોત્તમ પ્રગટી રે...'' ની રચના કોણે કરી ?

(૧) મુક્તાનંદ સ્વામીએ (૨) મહારાજે **(૩) નિષ્કુળાનંદ સ્વામીએ** ૩૫. | ૩ |

**૩૬.** માનસી પૂજા કરવાથી શું થાય ?

(૧) ભગવાન રાજી થાય (૨) આપણને આનંદ આવે **(૩) બંને** ૩૬. | ૩ |

**૩૭.** શ્રીજી મહારાજે કયા ઉત્સવ વખતે પંચાળામાં રાસલીલા કરી હતી ?

**(૧) જન્માષ્ટમી** (૨) દિવાળી (૩) ફુલદોલ ૩૭. | ૧ |

**૩૮.** ગાદી આપવાના ઉત્સવને શું કહે છે ?

**(૧) પટ્ટાભિષેક** (૨) યજ્ઞ (૩) પૂજા ૩૮. | ૧ |

**૩૯.** પૂર્વજન્મ પર કેટલા પુસ્તકો લખાયા છે ?

**(૧) ૫૪ થી વધુ** (૨) ૩૦ (૩) ૮૦૦ ૩૯. | ૧ |

**૪૦.** કઈ નદીમાં શ્રીજી મહારાજે તીર્થોને રહેવા કહ્યું ?

(૧) ગંગા **(૨) ઘેલા** (૩) યમુના ૪૦. | ૨ |

**૪૧.** હિન્દુધર્મનું મુળ નામ શું ?

(૧) ભાગવત ધર્મ (૨) એકાંતિક ધર્મ **(૩) સનાતમ ધર્મ** ૪૧. | ૩ |

**૪૨.** આત્મા કેવો છે ?

(૧) વિકારી **(૨) અમર** (૩) વિનાશી ૪૨. | ૨ |

**૪૩.** 'જન્મ પછી જન્મ' પાઠનો બોધ શું છે ?

(૧) કર્મસિદ્ધાંત **(૨) પુનર્જન્મ** (૩) મૂર્તિપૂજા ૪૩. | ૨ |

**૪૪.** રામપ્રતાપભાઈનો કોયડો કેટલાં વર્ષ પછી ઉકેલાયો ?

(૧) ૩૭ (૨) ૩૨ **(૩) ૩૫** ૪૪. | ૩ |

**૪૫.** સહજાનંદ સ્વામીને કેટલાં વર્ષની ઉંમરે ગાદી સોંપી ?

(૧) ૨૧ (૨) ૨૨ **(૩) ૨૦** ૪૫. | ૩ |

**૪૬.** શ્રીજી મહારાજે માંગેલ બે વરદાનમાં પહેલું વરદાન કયું ?

(૧) રામપાતર મને મળે **(૨) કરોડ વીંછીનું દુ:ખ રૂંવાડે રૂંવાડે થાય.** ૪૬. | ૨ |

(૩) ભક્તને ગાડી - બંગલા થાય.

**૪૭.** 'ગુણાતીતમાં પ્રગટ' પાઠના સિધ્ધાંત પ્રમાણે : શ્રીજી મહારાજ હંમેશા કેવા છે ?

(૧) સાકાર **(૨) પ્રગટ** (૩) સર્વોપરી ૪૭. | ૨ |

૪૮. રામચંદ્ર ભગવાન કોને વૈકુંઠ લઈ ગયા ?

(૧) ખિસકોલીઓને **(૨) આખી અયોધ્યાને** (૩) શ્રીલંકાને ૪૮. | ૨ |

૪૯. વાઘખાચરને કેવી સ્થિતિ થઈ ગઈ ?

**(૧) નિરાવરણ** (૨) બ્રાહ્મી (૩) ગુણાતીત ૪૯. | ૧ |

૫૦. શાસ્ત્રીજી મહારાજના ગુરુ કોણ હતા ?

**(૧) વિજ્ઞાનાનંદ સ્વામી** (૨) ગોપાળાનંદ સ્વામી (૩) શુકાનંદ સ્વામી ૫૦. | ૧ |

**પ્ર.૨ નીચેના વાક્યો ખરાં (✓) છે કે ખોટાં (✗)તેની નિશાની સામેના ખાનામાં કરો.** **[૨૦]**

| | | |
|---|---|---|
| **૧.** | વેદોમાં આત્મા - પરમાત્માનું જ્ઞાન હોતું નથી. | **૧.** ✗ |
| **૨.** | કીર્તને યોગીબાપાને ફરિયાદ કરી કે ઠાકોરજી મારી સાથે નથી રમતા. | **૨.** ✗ |
| **૩.** | શ્રીજી મહારાજ પરબ્રહ્મ અને ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મ છે. | **૩.** ✓ |
| **૪.** | વચનામૃત ચારેય પુરુષાર્થની સિદ્ધિ કરાવે છે. | **૪.** ✗ |
| **૫.** | શોભારામ મહારાજની પ્રશંસા સહન ના કરી શક્યો આથી આખી જીંદગી મુંગો થઈ ગયો. | **૫.** ✗ |
| **૬.** | દાતણ કરતાં સ્વામીબાપાની નજર ચોકમાં પડેલી દાંતણની એંઠી ચીરીઓ પર પડી. | **૬.** ✓ |
| **૭.** | લાડુદાનજીને ઘણાં બધાં રાજ્યોના રાજાઓએ શ્રેષ્ઠ ગાયક કહ્યા હતા. | **૭.** ✗ |
| **૮.** | જ્યારે પૃથ્વી પર પાપ વધે છે. ત્યારે અવતારો પૃથ્વી પર જન્મ ધારણ કરે છે. | **૮.** ✓ |
| **૯.** | ભગવાનને દાનધર્માદો કરવાથી દ્રવ્યની શુદ્ધિ થાય છે. | **૯.** ✓ |
| **૧૦.** | ફક્ત નારાયણની નિષ્ઠા એટલે ૧૦૦% નિષ્ઠા કહેવાય. | **૧૦.** ✗ |
| **૧૧.** | જોબનપગીએ ગઢડામાં રોઝો ઘોડો ચોરી કરવાનું વિચાર્યું. | **૧૧.** ✗ |
| **૧૨.** | યોગીબાપાએ અંગ્રેજી અને સંસ્કૃત પાઠશાળાની શરૂઆત કરી. | **૧૨.** ✗ |
| **૧૩.** | એકાદશી કરવાથી પેટના રોગો મટે છે. અને શરીર સારૂં રહે છે. | **૧૩.** ✓ |
| **૧૪.** | સ્વામીબાપા ભગવાનનું પ્રગટ સ્વરૂપ છે. | **૧૪.** ✓ |
| **૧૫.** | ઉપાસનામાં એક વસ્તુ માનવાની છે કે ભગવાન એ મોક્ષનું દ્વાર છે. | **૧૫.** ✗ |
| **૧૬.** | મહારાજે નીચી જ્ઞાતિના લોકોને શિરો પીરસ્યો. | **૧૬.** ✗ |
| **૧૭.** | શ્રીજી મહારાજ કહે : આ જીવે ૮૪ લાક જાતના દેહ ધર્યા છે. | **૧૭.** ✓ |
| **૧૮.** | સનાતન એટલે જેની શરૂઆત છે. પરંતુ અંત નથી તે. | **૧૮.** ✗ |
| **૧૯.** | ધ્યાન દઈને કથા સાંભળીએ અને તે જીવનમાં ઉતારીએ તેને શ્રવણ ભક્તિ કહેવાય. | **૧૯.** ✓ |
| **૨૦.** | નીલકંઠર્ણી નિ:સ્પૃહી હતા. | **૨૦.** ✓ |

**પ્ર.૩ નીચે આપેલા પ્રશ્નોના ૧ કે ૨ વાક્યમાં જવાબ લખો.** **[૨૦]**

**૧.** બી.એ.પી.એસ. સંસ્થાનું આખું નામ શું ?

**જ. બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા (બી.એ.પી.એસ.)**

**૨.** તપની માળા એટલે શું ?

**જ. તપની માળા એટલે એક પગે ઊભા રહી, બંને હાથ ઊંચા રાખી ૧ માળા ફેરવવી.**

**૩.** સનાતન ધર્મનો પ્રચાર ક્યાંથી થયો ?

**જ. સિંધુ નદીના કાંઠે સનાતન ધર્મનું જ્ઞાન પ્રથમવાર પ્રસાર થયું.**

**૪.** પર્વતભાઈને વરાહ અવતારમાં ભગવાન કેવા દેખાતા હશે એવો વિચાર આપ્યો ત્યારે મહારાજે તેમને શેના દર્શન કરાવ્યા ?

**જ. મહારાજે તેમને બધા (૨૪) ચોવીસ અવતારો અને બધા અવતારો શ્રીજી મહારાજમાં (પોતાના સ્વરૂપમાં) સમાઈ ગયા એવા દર્શન કરાવ્યા.**

**૫.** નારાયણના પિતાએ રૂ. ૫૦૦ ક્યાં સંતાડ્યા હતા ?

**જ. નારાયણના પિતાએ હવેલીના મુખ્ય ઓરડાના ત્રીજા પાટડામાં ૫૦૦ રૂપિયા સંતાડ્યા હતા.**

**પ્ર.૪ મુખપાઠ પંક્તિ પૂર્ણ કરો.** **[૧૦]**

**૧.** વંદુ શ્રી હરિને .............................. કલ્યાણદાતા તમે.

**જ. વંદું શ્રી હરિને સદા હૃદયથી, ગુણાતીતાનંદને,**
**વંદું પ્રાગજી ભક્તને વળી નમું, શાસ્ત્રી મહારાજને;**
**વંદું શ્રી ગુરુ યોગીજી પ્રમુખજી, સૌના ઉરે જે રમે,**
**વંદું સંત મહંતસ્વામી ચરણે, કલ્યાણદાતા તમે.**

**૨.** સેવા તો પોતાની .............................. અવગુણ લેવો.

**જ. સેવા તો પોતાની શ્રદ્ધા પ્રમાણે થાય તે કરવી, પણ અસેવા તો ન જ કરવી. તે અસેવા તે શું ? જે અવગુણ લેવો. (૨/૧૩૩)**

**૩.** નારાયણ સુખદાતા .............................. કોટિ ગયા કાશી.

**જ. નારાયણ સુખદાતા, દ્વિજકુળ તનુ ધારી (૨)**
**પામર પતિત ઉદ્ધાર્યા (૨) અગણિત નરનારી... જય. ૩**
**નિત્ય નિત્ય નૌતમ લીલા, કરતા અવિનાશી (૨)**
**અડસઠ તીરથ ચરણે (૨) કોટિ ગયા કાશી... જય. ૪**

૪. રોજ સવારે પૂજામાં કરવાની પ્રાર્થના ..............................

જ. **હે મહારાજ, હે સ્વામી ! હે મહંતસ્વામી મહારાજ! હું હંમેશાં આપની આજ્ઞા પાળું, ખરાબ કાર્ય ન કરું, આપને રાજી કરી શકું તેવાં બળ-બુદ્ધિ આપજો. કુસંગ થકી રક્ષા કરજો અને સારાનો સંગ આપજો. માતાપિતાની સેવા કરું અને અભ્યાસ બરાબર કરું અને આપનો આદર્શ ભક્ત બનું એવી શક્તિ આપજો.**

૫. મૂંઝવણ આવે તો .............................. ટળી જાય.

જ. **મૂંઝવણ આવે તો કેમ કરવું ? એ પ્રશ્ન પૂછ્યો. તેનો ઉત્તર કર્યો જે, સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ભજન કરવું. તેથી મૂંઝવણ ટળી જાય. (૧/૨૭૨)**

**પ્ર.૫ નીચેના કોઈપણ એક વિષય પર ટૂંકનોંધ લખો. (૧૦ થી ૧૨ લીટીમાં)** **[૧૦]**

**૧.** સ્વામીબાપાની ઓળખાણ **(પાઠ નં. ૧૯)**

**૨.** બી.એ.પી.એસ. સંસ્થાની સ્થાપના **(પાઠ નં. ૧૫)**

**૩.** ગાગરમાં સાગર **(પાઠ નં. ૩૫)**

**(જવાબ માટે યોગ્ય પ્રકરણનો સંદર્ભ લો.)**